# કેલિગ્રાફર (સુલેખક)

કેલિગ્રાફી એ લેખન અથવા અક્ષરોનું કલાત્મક અને શૈલીયુક્ત સ્વરૂપ છે. કેલિગ્રાફીનો અભ્યાસ કરનારાઓને કેલિગ્રાફર અથવા સુલેખનકાર કહેવામાં આવે છે. કેલિગ્રાફર સામાન્ય રીતે ચોક્કસ સાધનોનો જેવા કે પોઈન્ટેડ નિબ, એક પહોળી ધારવાળી નિબ અથવા મરોડદાર અક્ષરો લખવા માટે બ્રશ વગેરેનો ઉપયોગ કરે છે .




## વ્યક્તિગત નિપુણતા

- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો
- તમે વિગતો પર ધ્યાન આપો.
- તમને લલિત કલા/ફાઈન આર્ટ્સમાં રસ છે

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨,૦૦૦ થી ૨૫,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કોઈપણ વિષયમાં સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો અને ત્યારબાદ સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતક (MA / M.Sc / M.Com / MBA)ની ડિગ્રી મેળવો.

૩. કેલિગ્રાફીમાં પ્રમાણપત્ર કોર્ષ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કેલિગ્રાફરનું માસિક વેતન **રૂ. ૨૦,૦૦૦** થી **૮૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.glassdoor.co.in/Sala-ries/character-artist-salary-SRCH_KOO,16.htm

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ગ્રાફિક ડિઝાઈન કંપનીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, વેડિંગ પ્લાનિંગ કંપનીઓ અને ટેટૂ સ્ટુડિયો સહિત અન્ય સંસ્થાઓ

**ઉદ્યોગ સાહસિકતા:** તમે કેલિગ્રાફી પ્રશિક્ષક બની શકો છો અથવા તમારો પોતાનો વ્યવસાય શરૂ કરી શકો છો અથવા ફ્રીલાન્સ પ્રોજેક્ટ્સ લઈ શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ડેસ્ક જોબ છે. કોઈપણ તબક્કે તમારે ટીમનું સંચાલન કરવાનું રહેતું નથી. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો ભાગ નથી. જો તમે કોઈ કંપનીમાં કામ કરવા માંગતા હોય તો તમારા કામના કલાકો નિશ્ચિત હશે અને જો તમે ફ્રીલાન્સર બનશો તો કામના કલાકો અનિયમિત કલાકો હશે. કંપનીઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ દરરોજ ૮ થી ૯ કલાક કામ કરે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર ગ્રાફિક ડિઝાઈનર → મિડવેઈટ ડિઝાઈનર → સિનિયર ડિઝાઈનર → આર્ટ ડિરેક્ટર / ક્રિએટિવ ડિરેક્ટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કેલિગ્રાફર, આર્ટિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**કેલિગ્રાફીમાં બેઝીક, એડવાન્સ કક્ષાના પ્રમાણપત્ર અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવતી સંસ્થાઓ.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

૧. ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટસ (આઈ.જી.એન.સી.એ.), નવી દિલ્હી
૨. એનઆઈડી, અમદાવાદ
૩. અચ્યુતપલ્લવ સ્કૂલ ઓફ કેલિગ્રાફી, મુંબઈ
૪. શ્રી યોગેશ્વરી ઈન્સ્ટિટ્યુટ ઓફ હેન્ડરાઈટીંગ - બેંગલુરૂ
૫. વિક્રાંત કારિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્ટ- મુંબઈ
૬. કેલિગ્રાફી ઇન્ડિયા, નવી દિલ્હી (૩ મહિનાનો કેલિગ્રાફી શિક્ષક તાલીમ અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવે છે)
૭. સંથવાના ઈન્સ્ટિટ્યુટ ઓફ કાઉન્સેલિંગ એન્ડ સાયકોથેરાપી, કોચી
૮. કલાભૂમિ આર્ટ્સ, દ્વારકા
૯. રાજમુદ્રા ડિઝાઈન ઈન્સ્ટિટ્યુટ (આર.ડી.એ.), પુણે
૧૦. ન્યૂ લર્નિંગ હોરાઈઝન્સ, નાગપુર


કેલિગ્રાફી ઓનલાઈન અને ડિસ્ટન્સ લર્નિંગ મોડલ દ્વારા શીખી શકાય છે.

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**
- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ




## સાફલ્ય ગાથા

**સિમરન સાહની** ધ કેલિગ્રાફી રેવેનના સ્થાપક છે. તે વર્કશોપ, ઓનલાઈન કોર્સ અને પ્રિન્ટેબલ નોટ્સ દ્વારા કેલિગ્રાફી શીખવે છે. તેણીએ અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને શીખવ્યું છે. સાહનીએ રાજસ્થાન ટેકનિકલ યુનિવર્સિટી, કોટામાંથી મિકેનિકલ એન્જિનિયરીંગમાં સ્નાતક કર્યું છે. તે ૧૫ વર્ષના હતા ત્યારથી જ કેલિગ્રાફીનો મહાવરો શરૂ કરી દીધો હતો.*

સ્ત્રોત: https://thecalligraphyraven.com/author/simran_sahni/page/2/

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.